RNI No. GUJGUJ/2016/72734 TC No. GUJGUJ16705 ગાંધીનગર

# નવભારત

દૈનિક

Email : navbharatdaily2016@gmail.com www.govtofgaurang.com

તંત્રી : અશોક એન. દવે ● વર્ષ : ૦૩ ● અંક : ૧૦૪ ● તારીખ : ૧૩-૦૭-૨૦૧૮ ● શુક્રવાર ● પાના : ૪ ● કિંમત : ૫૦ પૈસા ● મો. +91 99099 69099

Book Post
Navbharat Daily
Gandhinagar

### સેંસેક્સ કારોબારના અંતે ૩૬૫૪૮ની સપાટી ઉપર બંધ

# સેંસેક્સ ૨૮૨ પોઇન્ટ ઉછળીને રેકોર્ડ ઉંચી સપાટી પર બંધ રહ્યો

## ફાઈન્સિયલ અને એનર્જી શેરોમાં તીવ્ર તેજી, કોર્પોરેટ કમાણીના સારા આંકડા તેમજ એશિયન બજારમાં તેજીની અસર : નિફ્ટીમાં ૭૫ પોઇન્ટનો ઉછાળો



**(એજન્સી) મુંબઇ,**

શેરબજારમાં આજે રેકોર્ડ તેજી જોવા મળી હતી. કારોબારના અંતે સેંસેક્સ આજે રેકોર્ડ ઉંચી સપાટીએ બંધ રહ્યો હતો. સેંસેક્સ ૨૮૨ પોઇન્ટ ઉછળીને ૩૬૫૪૮ની ઉંચી સપાટીએ રહ્યો હતો. સેંસેક્સે ૨૯મી જાન્યુઆરી ૨૦૧૮ના દિવસે હાંસલ કરવામાં આવેલી ૩૬૨૮૩ની સપાટીને આજે કુદાવી લીધી હતી. ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન સેંસેક્સ ૩૬૬૯૯ની સપાટી હાસલ કરી લીધી હતી અને આ સપાટી ૨૯મી જાન્યુઆરી ૨૦૧૮ના દિવસે હાંસલ કરવામાં આવેલી સપાટી કરતા વધારે રહી હતી. ઈન્ટ્રા ડે દરમિયાન આરઆઈએલ, વિપ્રો, એચડીએફસી અને એલ એન્ડ ટીમાં ઉછાળો રહ્યો હતો. તમામમાં ૧.૯ ટકાથી પાંચ ટકા વચ્ચેનો ઉછાળો રહ્યો હતો. વ્યક્તિગત શેરોમાં આરઆઈએલે આજે ઈન્ટ્રા ડે દરમિયાન ૧૦૦ અબજ ડોલરના આંકડાને હાસલ કરવામાં સફળતા મેળવી હતી. ઈન્ફોસીસના શેરમાં આજે બે ટકાનો ઘટાડો રહ્યો હતો. આવતીકાલે તેના પરિણામ પ્રથમ ત્રિમાસિકગાળાના જાહેર કરવામાં આવનાર છે તે પહેલા તેમાં ઘટાડો રહ્યો હતો. નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સમાં સૌથી મોટો ઉછાળો સેક્ટરલની દ્રષ્ટિએ રહ્યો હતો. તેમાં એક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. બેંક ઓફ બરોડા અને એસબીઆઈના શેરમાં ક્રમશઃ ૨.૨ ટકા અને ૧.૧ ટકાનો ઉછાળો રહ્યો હતો. વૈશ્વિક બજારોમાં એશિયન અને કોમોડિટી માર્કેટમાં રિકવરી રહી હતી. અમેરિકા અને ચીન વચ્ચેના ટ્રેડવોરને લઈને ફેલાયેલી દહેશત હવે દૂર થઈ રહી છે. અગાઉ સેંસેક્સે ૨૪મી જાન્યુઆરી ૨૦૧૮ના દિવસે ૩૬૪૪૪ની ઉંચી સપાટી હાંસલ કરી હતી. ક્રૂડ ઓઈલની કિંમત, ડોલર સામે રૂપિયાની ચાલની અસર પણ રોકાણકારો ઉપર થશે. ટ્રેડવોરની ચિંતા સૌથી વધુ દેખાઈ રહી છે. અત્રે નોંધનીય છે કે, અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવોરની શરૂઆત થઇ ચુકી છે. ધારણા પ્રમાણે જ અમેરિકાએ શુક્રવારે ૩૪ અબજ ડોલરના ચીની આયાત ઉપર ૨૫ ટકાના નવા ટેરિફ લાગૂ કરવાની જાહેરાત કરી હતી. આની સાથે જ અમેરિકાએ ચીનને મોટો ફટકો આપ્યો હતો. આના જવાબમાં ચીને પણ અમેરિકી ચીજવસ્તુઓ ઉપર ટેરિફ લાગૂ કરવાની જાહેરાત કરી હતી. ઈન્ફોસીસ દ્વારા શુક્રવારના દિવસે તેના ત્રિમાસિક ગાળાના પરિણામ જારી કરવામાં આવનાર છે.આઈટી સેક્ટર પર પણ તેની અસર થઇ શકે છે. વિપ્રો, ટેક મહિન્દ્રા દ્વારા પણ તેમના પગલા લેવામાં આવનાર છે. મોનસુનની પ્રગતિને લઈને પણ દલાલ સ્ટ્રીટમાં અસર જોવા મળી છે. ગઈકાલે બુધવારના દિવસે કારોબારના અંતે સેંસેક્સ ૨૬ પોઈન્ટ ઉછળીને ૩૬૨૬૬ની ઉંચી સપાટીએ રહ્યો હતો. જ્યારે બ્રોડર નિફ્ટી એક પોઈન્ટ ઉછળીને ૧૦૯૪૮ની ઉંચી સપાટીએ રહ્યો હતો. ચીનના બજારમાં વેચવાલીનું મોજુ રહ્યું હતું. મધ્યપૂર્વમાં પ્રવર્તી રહેલી તંગદિલી અને તેલ ઉત્પાદન કરતા દેશોમાં ખલેલની અસર પણ દેખાઈ રહી છે. ભૌગોલિક તંગદિલીની અસર પણ જોવા મળી રહી છે. આ ઉપરાંત અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી સપ્તાહમાં બ્રિટનના વડાપ્રધાન ટેરેસા મેને મળનાર છે જેમાં ટ્રેડવોરના મુદ્દા ઉપર ચર્ચા થશે. જુદા જુદા પરિબળોના કારણે પ્રવાહી સ્થિતી દેખાઇ રહી છે.

### જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં બેઠકો યોજાશે

# ભાજપની પ્રદેશ બેઠકોમાં જુદા જુદા પાસાઓ પર ચર્ચા કરાશે

## રૂપાણી, નીતિન પટેલ, પુરુષોત્તમ રુપાલા અને સતિષજી મિટિંગમાં ઉપસ્થિત રહીને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડશે

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં આવતીકાલે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે જુદી જુદી બેઠકોમાં આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકોમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, રાષ્ટ્રીય ઉપાધ્યાક્ષ અને કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી.સતીષજી અને પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાની ઉપસ્થિતિમાં પ્રદેશ બેઠક રાખવામાં આવેલ છે. જે બપોરે ૨.૦૦ કલાકે શરૂ થશે અને સાંજે ૪.૦૦ કલાકે પૂર્ણ થશે. આ પ્રદેશ બેઠકમાં પ્રદેશ કોર ટીમના સભ્યઓ, પ્રદેશ હોદ્દેદારઓ, મોરચાના પ્રદેશ પ્રમુખઓ તેમજ જીલ્લા-મહાનગરના પ્રભારી-પ્રમુખ-મહામંત્રીઓ ઉપસ્થિત રહેશે. ઉપરાંત, પ્રદેશ બેઠક બાદ સાંજે ૪.૦૦ કલાકથી પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં તેમજ રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી.સતીષજી અને પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાની ઉપસ્થિતિમાં ભાજપાના તમામ મોરચાના પ્રદેશ હોદ્દેદારઓની બેઠક રાખવામાં આવી છે. ઉપરોક્ત બેઠકોમાં જીલ્લા-મહાનગર તથા મંડલ સ્તર સુધી ભાજપા દ્વારા અત્યાર સુધીમાં કરવામાં આવેલ કાર્યક્રમોનું રિપોર્ટીંગ, કેન્દ્ર સરકારના પૂર્ણ થયેલ ૪ વર્ષ નિમિત્તે થયેલ વિવિધ કાર્યક્રમો, વિશેષ સંપર્ક અભિયાન, યોગ દિવસ, ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી બલિદાન દિવસ તથા કટોકટીના કાળા દિવસ નિમિત્તે કરવામાં આવેલ કાર્યક્રમોની સમીક્ષા-ચર્ચા કરવામાં આવશે. આ બેઠકમાં વિવિધ આગામી કાર્યક્રમો જેમ કે, સુજલામ સુફલામ જળ અભિયાન દરમ્યાન ઉંડા કરેલ તળાવો અને ચેકડેમોના સ્થળો પર જળ પૂજનના કાર્યક્રમો, વૃક્ષારોપણ તેમજ ગુરૂપૂર્ણિમા નિમિત્તે કરવાના કાર્યક્રમો બાબતે પણ આયોજન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. આગામી લોકસભા-૨૦૧૯ ચૂંટણીના સંદર્ભમાં પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન તેમજ સંગઠનાત્મક બાબતો વિશે માર્ગદર્શન આપવામાં આવશે.

### ટીસીએસ બાદ બીજી ભારતીય કંપની બની

# RILની માર્કેટ મૂડી ૧૦૦ અબજ ડોલરની સપાટી પર

## ઇન્ટ્રા ડેના કારોબાર દરમિયાન આરઆઈએલના શેરમાં પાંચ ટકાનો વધારો : કોર્પોરેટ જગતમાં ભારે ચર્ચા રહી

**(એજન્સી) મુંબઇ,**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીની માર્કેટ મૂડી પણ હવે વધીને ૧૦૦ અબજ ડોલરના આંકડાને પાર કરી ગઈ છે. આની સાથે જ આ સિદ્ધિ હાસલ કરનાર ટીસીએસ બાદ આરઆઈએલ બીજી કંપની બની ગઈ છે. તેના શેરની કિંમત આજે ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન પાંચ ટકા સુધી ઉછળીને ૧૦૯૦ સુધી પહોંચી ગઈ હતી. સવારે ૧૧ વાગ્યાની આસપાસ આરઆઈએલની માર્કેટ મૂડી ૬.૮૮ ટ્રિલિયન રૂપિયા અથવા તો ૧૦૦ અબજ ડોલરના આંકડા સુધી હતી. સેંસેક્સમાં ચાર ટકાનો ઉછાળો હતો ત્યારે આરઆઈએલમાં તેના કરતા ઉંચો ઉછાળો હતો. અગાઉ મુકેશ અંબાણીના નેતૃત્વમાં આરઆઈએલે ૨૦૦૭માં ૧૦૦ અબજ ડોલરની સપાટી કુદાવી હતી. આઈટીની મહાકાય કંપની હાલમાં માર્કેટ મૂડીની દ્રષ્ટિએ પ્રથમ સ્થાન ઉપર છે. તેની માર્કેટ મૂડી ૭.૫૩ ટ્રિલિયન રૂપિયા છે. જૂન ત્રિમાસિક ગાળના કમાણીના આંકડા જારી કરવામાં આવે તે પહેલા આરઆઈએલ દ્વારા તેની ૪૧મી વાર્ષિક સામાન્ય બેઠકમાં આક્રમક યોજના રજૂ કરવામાં આવી હતી. મુકેશ અંબાણી જે ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે છે. તેમને હોમ અને એન્ટરપ્રાઇઝ મટે ફિક્સ્ડ લાઈન હાઈસ્પીડ બ્રોડબેન્ડ સર્વિસની શરૂઆત કરી હતી.

### ધ નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટ દ્વારા બનશે

# નવસારી : સ્પેશ્યાલિટી કેન્સર હોસ્પિટલનું ટુંકમાં જ નિર્માણ

## નિરાલી મેડિકલ ટ્રસ્ટ, ટાટા ટ્રસ્ટ વચ્ચે સમજૂતિ : ગરીબ, જરૂરિયાતમંદ વર્ગો માટે આ હોસ્પિટલ આશીર્વાદ સમાન

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

લાર્સન એન્ડ ટુબ્રોના ગ્રુપ ચેરમેન એ.એમ.નાઈક દ્વારા સ્થાપિત ધ નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટ દ્વારા ગુજરાતના નવસારી ખાતે અદ્યતન એવી સ્પેશ્યાલિટી કેન્સર હોસ્પિટલની સ્થાપના કરશે. આ અદ્યતન હોસ્પિટલનું સમગ્ર સંચાલન ટાટા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે. શ્રી નાઈકના જન્મસ્થાન એવા નવસારીમાં આ પ્રસ્તાવિત હોસ્પિટલની સ્થાપના પાછળનો હેતુ કેન્સર સામેની લડાઈમાંસમાજના જરૂરિયાતમંદ વર્ગોને સાથ સહકાર આપવાનો છે. નવસારીની આ પ્રસ્તાવિક કેન્સર હોસ્પિટલ સ્થાપવા અને તેના સંચાલન સંદર્ભે આજે નિરાલી મેડિકલ ટ્રસ્ટ અને ટાટા ટ્રસ્ટ વચ્ચે સમજૂતી કરાર પણ થયો હતો. આ પ્રસંગે શ્રી એ.એમ.નાઈક અને શ્રી રતન એન.ટાટા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી એમ.એમ.નાઈકે જણાવ્યું હતું કે, આધુનિક હેલ્થકેર સુવિધાઓની ઉપલબ્ધતા સામાજિક વિકાસ અને સુખાકારી માટે પૂર્વ જરૂરિયાત છે. ધ નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટ સમાજના તમામ વર્ગોને અત્યાધુનિક તબીબી સારવારનો લાભ પૂરો પાડવા કટિબધ્ધ છે. નિરાલી ટ્રસ્ટની આ પહેલ જરૂરિયાતમંદ દર્દીઓ, ખાસ કરીને સમાજના વંચિત વર્ગોને વાજબી ખર્ચે શ્રેષ્ઠ સારવાર આપવામાં ઘણી મદદરૂપ સાબિત થશે. ટાટા ટ્રસ્ટ કેન્સરની સારવારના ક્ષેત્રમાં તેની નવીન પહેલો માટે દેશભરમાં પ્રતિષ્ઠિત છે અને તેની સાથે નવસારીમાં સ્પેશ્યાલિટી કેન્સર હોસ્પિટલ સ્થાપિત કરવા નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટનું જોડાણ કરવાની મને ખુશી છે. દરમ્યાન શ્રી રતન ટાટાએ જણાવ્યું હતું કે, કેન્સરના રોગ સામે યુધ્ધના ધોરણે લડવાની જરૂર છે. નવસારીમાં આ પ્રસ્તાવિત અદ્યતન અને સ્પેશ્યાલિટી કેન્સર હોસ્પિટલ બનવાથી દર્દીઓ માટે કેન્સરની સારવાર સરળ અને સુલભ બનશે. ધ નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટ એકબાજુ, હોસ્પિટલમાં આધુનિક સુવિધાઓ અને અત્યાધુનિક ઉપકરણ સાથે હોસ્પિટલનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભુ કરશે ત્યારે ટાટા ટ્રસ્ટ દર્દીઓની સારસંભાળ અને રોજિંદી કામગીરી માટેની જવાબદારી સંભાળશે. નવસારીની કેન્સર હોસ્પિટલ કલીનીકલ પેથોલોજી, હાઈ એન્ડ લિનિયર એકસલરેટર, હિસ્ટોપેથોલોજી, બાયોકેમેસ્ટ્રી, યુએસજી, ડિજિટલ એકસરે અને મેમોગ્રાફીથી લઈને સીટી સીમ્યુલેટર્સ, બ્રેકીથેરપી ઓપીડી તેમ જ અદ્યતન ઓપરેશન થિયેટર સુધીની સેવા પ્રદાન કરવા સજ્જ હશે. આ કેન્સર હોસ્પિટલ સમગ્ર દેશમાં ટાટા ટ્રસ્ટે સ્થાપિત કેન્સર સેન્ટર્સના સંપૂર્ણ નેટવર્કનો પણ હિસ્સો હશે.

### જહાનવી-ઇશાન ફિલ્મના પ્રમોશન માટે શહેરમાં

# સ્ટારકિડ્સ હોવાના નાતે પાત્રને ન્યાય આપવાની જવાબદારી છે

## શ્રીદેવીની પુત્રી જહાનવીની ફિલ્મ ધડક ૨૦મી જૂલાઇથી દેશભરમાં રજૂ કરાશે : નવી જોડીને જોવા ચાહકો ઇચ્છુક

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

શ્રીદેવીની પુત્રી જહાનવી અને શાહીદ કપૂરના ભાઈ ઈશાન ખટ્ટર અભિનિત હિન્દી ફિલ્મ 'ધડક' તા.૨૦મી જૂલાઈથી દેશભરના સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે ત્યારે શ્રીદેવીની સ્માર્ટ અને સોહામણી પુત્રી જહાનવી કપૂર અને યંગ ચોકલેટી બોય ઈશાન ખટ્ટર આજે ફિલ્મના પ્રમોશનને લઈ અમદાવાદના મહેમાન બન્યા હતા. પોતાની પહેલી જ ફિલ્મને લઈ ઉત્તેજના અને સહેજ ગભરાહટ વ્યકત કરતાં શ્રીદેવીની પુત્રી જહાનવી કપૂરે જણાવ્યું હતું કે, સ્ટારકિડ્ઝ હોવાના નાતે ફિલ્મને લઈ એવું કોઈ ખાસ દબાણ ન હતુ પરંતુ હા..ચોક્કસ પહેલી ફિલ્મ છે એટલે સ્વાભાવિક ઉત્તેજના અને નર્વસનેસ છે પરંતુ સાથે સાથે ફિલ્મને લઈ ચોકક્સ આશા પણ છે કે, લોકોને તે ચોક્કસ ગમશે. કારણ કે, અમે બહુ મહેનત, લગન અને પ્રમાણિકતાથી ફિલ્મને ન્યાય આપ્યો છે. સ્ટારકિડ્ઝ હોવાના નાતે ફિલ્મ અને પાત્રને ન્યાય આપવાની જવાબદારી પણ એટલી જ વધી જતી હોય છે કારણ કે, તમારાથી ઓડિયન્સને બહુ આશા હોય છે. 'ધડક' ફિલ્મના પ્રમોશન માટે સૌપ્રથમવાર અમદાવાદની મુલાકાતે આવનાર શ્રીદેવીની ચાર્મીંગ પુત્રી જહાનવી કપૂર અને ઈશાર ખટ્ટરે ખાસ વાતચીતમાં જણાવ્યું હતું કે, ધડક ફિલ્મ ભલે મરાઠી હીટ ફિલ્મ સઈરાતની રિમેક છે પરંતુ તેમાં બધુ નવું છે, ખાસ તો, કલાકારોના અભિનયથી માંડી ફિલ્મનું નિર્માણ અને સૌથી અગત્યનું બધાની મહેનત અને ફિલ્મ પ્રમાણિકતાથી બનાવવી તે. આ જ વસ્તુ ફિલ્મને કંઈક અલગ અને રસપ્રદ બનાવે છે. મારી પહેલી ફિલ્મ હોઈ અને તે પણ કરણ જોહરના ધર્મા પ્રોડકશન બેનર હેઠળની તેથી મને ઘણું શીખવા મળ્યું અને અભિનય ક્ષેત્રે કેટલીક મહત્વની વાતો પણ જાણવા મળી. કરણ જોહરના ધર્મા પ્રોડકશન મોટાભાગે સ્ટારકિડ્ઝને લોન્ચ કરતી ફિલ્મો બનાવે છે તો, ધર્મા પ્રોડકશન સ્ટાર કિડ્સ માટે એક પ્લેટફોર્મ નથી બની ગયુ લાગતુ એ મતલબના એક પ્રશ્નના જવાબમાં બંને સ્માર્ટ સ્ટારકિડ્ઝ જહાનવી કપૂર અને ઈશાર ખટ્ટરે જણાવ્યું કે, ના..ખરેખર એવું કંઈ નથી. ધર્મા પ્રોડકશનમાં આઠ એવા ડિરેકટર પણ છે કે, જેમનું કોઈ ફિલ્મી બેકગ્રાઉન્ડ નથી, વળી અહીં એક પારિવારિક અને સલામતીભર્યુ વાતાવરણ મળી રહે છે. જે તમારામાં જો ફિલ્મો પ્રત્યે અનહદ લગન, મહેનત અને કામ કરવાની ધગશ તેમ જ પ્રમાણિકતા હોય તો તમને સોનેરી તક પૂરી પાડે છે. ભલે પછી તમે ફિલ્મી બેકગ્રાઉન્ડ ધરાવતા હોવ કે ના ધરાવતા હોવ. 'ધડક' ફિલ્મના ચાર ગીત રિલીઝ થઈ ચૂકયા છે, જેમાંથી ટાઈટલ સોંગ 'ધડક' તેમનું સૌથી મનગમતું સોન્ગ હોવાનું જણાવતાં જહાનવી અને ઈશાને જણાવ્યું કે, અમદાવાદીઓના પ્રેમ અને ઉમળકાભર્યો આવકાર જોઈને તેઓ ભારે પ્રભાવિત થયા છે અને તે બદલ તેઓ તેમનો આભાર માને છે.

અમદાવાદની આ તેમની પહેલી મુલાકાત છે પરંતુ તેઓ અમદાવાદની દાળના શોખીન છે, ખાવમાં તે તેમની મનગમતી છે. તેમનો અમદાવાદની મુલાકાતનો અનુભવ અદ્ભુત અને યાદગાર રહ્યો એમ તેમણે ઉમેર્યું હતું. શ્રીદેવીના નિધન બાદ ફિલ્મના શૂટીંગનો તબક્કો તમે કેવી રીતે હેન્ડલ કર્યો એ મતલબના પ્રશ્નનો જવાબ આપવાનું જહાનવીએ ટાળ્યું હતું. જો કે, ફિલ્મની સફળતા અને દર્શકોના પ્રતિસાદને લઈ તેણીએ ભારે હકારાત્મકતા અને આશા પ્રગટ કર્યા હતા.

### ભારે વરસાદની ચેતવણી વચ્ચે તંત્ર દ્વારા પગલા

# ગુજરાતમાં આગામી ૫ દિવસ ભારે વરસાદ પડે તેવા એંધાણ

## ગુજરાતના વલસાડ, નવસારી, ડાંગ, સુરત, પંચમહાલ, ખેડા, વડોદરા, આણંદ, ભાવનગર માટે ચેતવણી જારી

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

ગુજરાતમાં આગામી પાંચ દિવસ દરમિયાન અતિભારે વરસાદની ચેતવણી અકબંધ રાખવામાં આવી છે. જેથી તંત્ર દ્વારા પણ સાવચેતીના તમામ પગલા પહેલાથી જ લેવામાં આવી ચુક્યા છે. આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. દક્ષિણ્ ગુજરાત અને ખાસ કરીને વલસાડ, નવસારી, ડાંગ, પંચમહાલ, દમણ, દાદરાનગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ ભારે વરસાદ પડી શકે છે જેમાં અમરેલી, ગીરસોમનાથનો પણ સમાવેશ થાય છે. અમદાવાદ શહેરમાં વરસાદમાં બ્રેકની સ્થિતિ હોવા છતાં હવામાન વિભાગ તરફથી હળવા વરસાદી ઝાટપાની આગાહી કરવામાં આવી છે. તંત્રને પણ એલર્ટ કરી દેવામાં આવ્યું છે. લોકોની મદદ માટે પોલીસ અને સ્થાનિકોની ટીમ પણ તૈનાત કરવામાં આવી છે. સુરક્ષિત સ્થળોએ લોકોને ખસેડવામાં આવ્યા છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૩.૩ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગના કહેવા મુજબ સૌરાષ્ટ્રમાં પણ વરસાદી માહોલ યથાવતરીતે રહી શકે છે. ગોંડલ પંથકમાં આજે જોરદાર વરસાદ થયો હતો જેથી ગોંડલના નેશનલ હાઈવે પર સ્થિત ભુનાવા, ભરુડી સહિતના ગામડાઓમાં પાણી ભરાઈ ગયા હતા. જો કે, ખેડૂતોમાં ખુશાલી જોવા મળી હતી. વલસાડ, નવસારી, ગીરસોમનાથ, જુગનાઢ, કચ્છના જુદા જુદા ભાગોમાં પણ વરસાદની સંભાવના છે. હળવા વરસાદી ઝાપટા ગુજરાતના અન્ય ભાગોમાં પણ જારી રહી શકે છે. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદ થઈ શકે છે. માછીમારોને દરિયામાં ન જવા માટેની સૂચના આપવામાં આવી છે.

સાથે મળીને ફોટાઓ પણ પડાવ્યા : રિપોર્ટ

# અમિતાભ અભિષેક બચ્ચન સેમીફાઇનલ મેચમાં હાજર

## અભિષેક બચ્ચને ફ્રાન્સ અને બેલ્જિયમ વચ્ચે રમાયેલી મેચમાં હાજરી અંગે પોતાના ફોટા પણ મિડિયા પર મુક્યા

**(એજન્સી) સેન્ટ પીટર્સર્ગ,**
બોલિવુડના મહાનાયક અમિતાભ બચ્ચન અને પુત્ર અભિષેક બચ્ચન પોતાના પુત્રની સાથે ફીફા વર્લ્ડ કપની પ્રથમ સેમીફાઇનલ મેચ જોવા માટે સેન્ટ પીટર્સબર્ગ ખાતે પહોંચ્યા હતા. અત્રે ઉલ્લેખીય છે કે બન્ને ફ્રાન્સ અને બેલ્જિયમ વચ્ચે રમાયેલી મેચમાં ઉપસ્થિત રહ્યા હતા અને રોમાંચક મેચની મજા માણી હતી. અભિષેક બચ્ચને મોડીથી અમિતાભ સાથે તેના ફોટાઓ સોશિયલ મિડિયા પર રજ કર્યા છે. જેમાં બન્ને હળવાશના મુડમાં દેખાઇ રહ્યા છે. આ રોમાંચક મેચમાં ફ્રાન્સની જીત થઇ હતી. જીત બાદ અમિતાભ બચ્ચને ફ્રાન્સની ટીમને શુભેચ્છા આપી હતી. એક ફોટામાં અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચન સાથે નજરે પડી રહ્યા છે. અમિતાભ અને તેના પુત્ર અભિષેકની સ્પોર્ટસમાં ખુબ રૂચિ રહેલી છે. આ બંને ટીમોના ઓનર પણ છે. પ્રો કબડ્ડીમાં તેમની ટીમ જયુપર પિન્ક પેન્થર છે. જયારે ફુટબોલમાં ચેન્નાઇન ફુટબોલ એફસીના અભિષેક કો ઓનર પણ છે. પિન્ક પેન્થરે ૨૦૧૪માં પ્રો કબડ્ડીનો તાજ જીત્યો હતો. જયારે ઇન્ડિયન સુપર લીગમાં તેમની ટીમ બે વખત ૨૦૧૫ અને ૨૦૧૮માં ચેમ્પિયન રહી હતી. અમિતાભ પોતે ક્રિકેટથી લઇને અન્ય તમામ રમતમાં રસ ધરાવે છે. અમિતાભ પોતે જુદી જુદી રમતની મેચોમાં હાજર રહે છે. અમિતાભ બચ્ચન સામાન્ય રીતે સોશિયલ મિડિયામાં પણ સક્રિય રહે છે.



કલમ ૩૭૭ પર કોઇ સ્ટેન્ડ લેવાનો કેન્દ્ર સરકારનો ઇન્કાર

# કલમ ૩૭૭ : સજાતિય સંબંધ મુદ્દે ફેંસલો સુપ્રીમ ઉપર છોડી દેવાયો

## ૩૭૭ હેઠળ સહમતિથી પુખ્તવયના લોકો વચ્ચે સજાતિય સંબંધો અપરાધ છે કે કેમ તે અંગે નિર્ણય લેવાનો ફેંસલો સુપ્રીમ કોર્ટ ઉપર છોડી દેવામાં આવ્યો

**(એજન્સી) નવીદિલ્હી,**
સજાતિય સંબંધોને અપરાધની હદમાં રાખવામાં આવે કે કેમ તેને લઇને કેન્દ્ર સરકારે આ નિર્ણય સંપૂર્ણરીતે સુપ્રીમ કોર્ટ ઉપર છોડી દીધો છે. આજે આ મામલાની સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે કલમ ૩૭૭ના સંદર્ભમાં કોઇપણ વલણ અપનાવ્યું ન હતું અને કહ્યું હતું કે, ૩૭૭ના સંબંધમાં સહમતિ સાથે પુખ્તવયના લોકોના સજાતિય સંબંધો અપરાધ છે કે કેમ તે અંગે કોર્ટ જ નિર્ણય કરી શકે છે. ૩૭૭ હેઠળ આ કોઇ અપરાધ છે કે કેમ તે અંગે સુપ્રીમ કોર્ટ નિર્ણય લઇ શકે છે. એડિશનલ સોલીસીટર જનરલ તુષાર મહેતાએ સરકાર તરફથી કહ્યું હતું કે, અમે ૩૭૭ની કાયદેસરતાના મામલાને સુપ્રીમ કોર્ટ ઉપર છોડી રહ્યા છીએ પરંતુ સુનાવણી માટેની હદ વધે છે કે સરકાર એફિડેવિટ દાખલ કરશે. ઇન્ડિયન પીનલ કોડ (આઈપીસી)ની કલમ ૩૭૭ની બંધારણીય કાયદેસરતાને પડકાર ફેંકતી અરજીઓ ઉપર ચીફ જસ્ટિસ દિપક મિશ્રા, જસ્ટિસ આરએફ નરિમન, જસ્ટિસ એએમ ખાનવીલકર, જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ ઇન્દુ મલ્હોત્રાની પાંચ જજની બેંચે સુનાવણી હાથ ધરી હતી. આજે પણ આ મામલામાં સુનાવણી જારી રહી હતી. કોર્ટે કહ્યું હતું કે, જો બે પુખ્તવયના લોકો વચ્ચે પારસ્પરિક સહમતિ સાથે સંબંધો સ્થાપિત થાય છે તો તેને અપરાધ તરીકે ગણી શકાય નહીં અને સાથે સાથે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટથી એવી અપીલ કરી હતી કે, સજાતિય લગ્ન, સંપત્તિ અને પૈત્રુક અધિકારો જેવા મુદ્દા ઉપર વિચારણા કરવામાં ન આવે કારણ કે, આનાથી અનેક પ્રતિકુળ પરિણામો આવશે. કેન્દ્રએ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, બે પુખ્તવયના લોકો વચ્ચે સહમતિ સાથે બનાવવામાં આવેલા સંબંધો સાથે જોડાયેલી કલમ ૩૭૭ની કાયદેસરતાના મુદ્દા ઉપર અમે કોર્ટના ઉપર નિર્ણય છોડી રહ્યા છીએ. બીજી બાજુ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, તે પોતે પણ આ બાબત પર વિચાર કરવા સુધી મર્યાદિત રહેશે કે કલમ ૩૭૭ બે પુખ્તવયના લોકો વચ્ચે સહમતિથી બનાવવામાં આવેલા સંબંધોને લઇને ગેરબંધારણીય છે કે કેમ. કલમ ૩૭૭ પર કેન્દ્ર સરકારે એફિડેવિટ મારફતે કોઇ પક્ષ ન મુકીને સમગ્ર નિર્ણય સુપ્રીમ કોર્ટ ઉપર છોડી દીધો છે. એડિશનલ સોલીસીટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે, ૩૭૭ હેઠળ સહમતિ સાથે પુખ્તવયના લોકો વચ્ચે સજાતિય સંબંધો અપરાધ છે કે કેમ તે અંગે પોતે નિર્ણય કરે. સુનાવણી દરમિયાન જો હદ વધે છે જેમ કે લગ્ન અથવા તો લીવઇનનો મામલો આવશે તો અમે અલગથી એફિડેવિટ દાખલ કર્યું છે. અરજી કરનારના વકીલ મેનકા ગુરુ સ્વામીએ કહ્યું હતું કે, કલમ ૩૭૭ એલજીબીપી સમુદાયના સમાનતાના અધિકારને ખતમ કરે છે. લેસ્બિયન, ગે, બાઈસેક્સયુલ અને ટ્રાન્સજેર સમુદાયના લોકોને કોર્ટ, બંધારણ અને દેશથી સુરક્ષા મળવી જોઇએ. તેમણે કહ્યું હતું કે, સજાતિય સમુદાયના લોકો પ્રતિભામાં ઓછા નથી અને આ સમુદાય સાથે જોડાયેલા લોકો આઈએએસ, આઈઆઈટી જેવી મુશ્કેલ પરીક્ષા પાસ કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટમાં કેન્દ્રના વકીલે કહ્યું હતું કે, સુનાવણી કલમ ૩૭૭ની બંધારણીયતા ઉપર જ મર્યાદિત રહેવી જોઇએ. બીજી બાજુ ચીફ જસ્ટિસે કેન્દ્રની રજૂઆત બાદ કહ્યું હતું કે, કલમ ૩૭૭ની કાયદેસરતા ઉપર જ સુનાવણી થઇ રહી છે. અન્ય કોઇ અધિકાર ઉપર થઇ રહી નથી. બંધારણીય બેંચે કહ્યું હતું કે, ૨૦૧૩ના સુપ્રીમ કોર્ટના ચુકાદાને જુએ છે. ૨૦૧૩ના સુપ્રીમ કોર્ટના જજમેન્ટમાં દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને ફગાવી દઇને કલમ ૩૭૭ હેઠળ સજાતિય સંબંધોને અપરાધ તરીકે ગણાવીને ઐતિહાસિક ચુકાદો આપવામાં આવ્યો હતો. પુખ્તવયના લોકો વચ્ચે બિનકુદરતી સંબંધોને અપરાધ તરીકે ગણાવીને ઝાટકણી કાઢવામાં આવી હતી. હાઈકોર્ટે અગાઉ બે પુખ્તવયના લોકો વચ્ચે સહમતિથી સંબંધોને અપરાધની શ્રેણીથી બહાર રાખવાનો ચુકાદો આપ્યો હતો જેને સુપ્રીમ કોર્ટે બદલી નાંખ્યો હતો.




### કેન્દ્રની રજૂઆત શું રહી

સજાતિય સંબંધોને અપરાધની હદમાં રાખવામાં આવે કે કેમ તેને લઇને કેન્દ્ર સરકારે આ નિર્ણય સંપૂર્ણરીતે સુપ્રીમ કોર્ટ ઉપર છોડી દીધો છે. આજે આ મામલાની સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે કલમ ૩૭૭ના સંદર્ભમાં કોઇપણ વલણ અપનાવ્યું ન હતું અને કહ્યું હતું કે, ૩૭૭ના સંબંધમાં સહમતિ સાથે પુખ્તવયના લોકોના સજાતિય સંબંધો અપરાધ છે કે કેમ તે અંગે કોર્ટ જ નિર્ણય કરી શકે છે.

- ૩૭૭ હેઠળ સહમતિ સાથે પુખ્તવયના લોકો દ્વારા સજાતિય સંબંધો સ્થાપિત કરવાની બાબત અપરાધ છે કે કેમ તે અંગે સુપ્રીમ કોર્ટ નિર્ણય કરે
- કલમ ૩૭૭ અંગે કોઇ સ્ટેન્ડ લઇશું નહીં
- સુનાવણીની હદ વધશે તો વિસ્તૃત એફિડેવિટ દાખલ કરાશે
- સજાતિય લગ્ન, સંપત્તિ અને પૈત્રુક અધિકારો જેવા મુદ્દા પર કોઇ વિચારણા કરવામાં ન આવે કારણ કે આનાથી અનેક પ્રતિકુળ સંજોગો સર્જાશે
- કલમ ૩૭૭ને લઇને જોરદાર દલીલબાજી અગાઉ પણ થઇ ચુકી છે

# શિખા શર્માની જગ્યાએ કોણ આવશે તેને લઇને નવી ચર્ચા



**(એજન્સી) નવી દિલ્હી,**
એક્સિસ બેંક દ્વારા તેના સીઈઓ શિખા શર્માની જગ્યાએ કોણ લેશે તેને લઇને પ્રાથમિક તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ સંદર્ભમાં એક્સિસ બેંક દ્વારા ત્રણ ઉમેદવારોની તેમની યાદી તૈયાર કરી લીધી છે. એક્સિસ બેંક દ્વારા આ સંદર્ભમાં ભલામણની યાદી આરબીઆઈ સમક્ષ મોકલનાર છે. આરબીઆઈની મંજુરી માટે નિમણૂંક સાથે સંબંધિત ભલામણો મોકલવામાં આવનાર છે. એક્સિસ બેંકનું કહેવું છે કે, ત્રણ દાવેદરોની ટુંકી યાદી તૈયાર કરી લેવામાં આવી છે. એમડી અને સીઈઓ શિખા શર્માની અવધિ આ વર્ષે ડિસેમ્બર મહિનામાં પૂર્ણ થનાર છે. જો કે, બેંકે આ પોસ્ટ માટે જે ત્રણ ઉમેદવારોના નામ નક્કી કર્યા છે તે ઉમેદવારોના નામ હજુસુધી જાહેર કર્યા નથી. આરબીઆઈના ધારાધોરણો અને બેંકના નિયમો મુજબ આ નામ ગુપ્ત રાખવામાં આવ્યા છે. આરબીઆઈ દ્વારા મંજુર કરવામાં આવનાર ઉમેદવાર શિખા શર્માની જગ્યા લેશે. બેંકના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ તરીકે શિખા શર્માની અવધિ ૩૧મી ડિસેમ્બરના દિવસે પૂર્ણ થઇ રહી છે. એક્સિસ બેંક દ્વારા આને લઇને યાદી તૈયાર કરી લેવામાં આવી છે. કોર્પોરેટ જગતમાં ઉમેદવારોના નામને લઇને અટકળોનો દોર ચાલી રહ્યો છે. એપ્રિલ મહિનામાં બેંકના સીઈઓ દ્વારા એવી ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી કે, તેમની નવી અવધિમાં સાત મહિના સુધીનો ઘટાડો કરી દેવામાં આવે. બેંક બોર્ડ દ્વારા આને મંજુરી આપી દેવામાં આવી હતી. શિખા શર્મા ૩૧મી મેના દિવસે એક્સિસ બેંકના એમડી અને સીઈઓ તરીકે તેમની ત્રીજી અવધિ પૂર્ણ કરી ચુક્યા છે. જો કે, બેંક તરફથી વહેલીતકે તેમની અવધિ પૂર્ણ કરવાની વાતને લઇને કોઇ કારણ આપવામાં આવ્યા ન હતા. પહેલી જૂન ૨૦૧૮થી અમલી બને તે રીતે ત્રણ વર્ષની અવધિ માટે એમડી અને સીઈઓ તરીકે તેમની ફેર નિમણૂંક કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

સાબરમતી જેલમાં સુરક્ષાને લઇ ગંભીર સવાલો

# સાબરમતી જેલમાં કેદી પર હિંસક હુમલો થતાં ચકચાર

## આજીવન કેદની સજા ભોગવી રહેલા બે સગા ભાઇઓએ અન્ય કેદી પર ખુરશીના પાયા વડે જીવલેણ હુમલો કર્યો

**(પ્રતિનિધિ) અમદાવાદ,**
શહેરની સાબરમતી સેન્ટ્રલ જેલમાં હત્યાના કેસમાં જન્મટીપની સજા પામેલા પાકા કામના એક કેદી પર જેલના જ છોટા ચક્કરમાં હત્યા કેસમાં બે આજીવન કેદની સજા ભોગવી રહેલા બે સગા ભાઇઓએ જીવલેણ હુમલો કરતાં સમગ્ર જેલ સંકુલમાં ભારે ચકચાર મચી ગઇ હતી. આરોપી કેદી ભાઇઓએ પાકા કામના કેદી પર તૂટેલી ખુરશીના લાકડાના પાયા વડે હુમલો કરતાં ફરી એકવાર સાબરમતી જેલમાં સુરક્ષાને લઇ ગંભીર સવાલો ઉભા થયા છે. રાણીપ પોલીસે આ બનાવ અંગે જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ખાસ કરીને છોટા ચક્કર બેરેકમાં લાકડાનો પાયો કેવી રીતે પહોંચ્યો તે મામલે પણ જેલ સત્તાધીશોએ પણ તપાસ શરૂ કરી છે. અમદાવાદની હાઇ સિક્યોરિટી ધરાવતી સાબરમતી સેન્ટ્રલ જેલની સુરક્ષામાં વધુ એક વખત છીડાં જોવા મળ્યાં છે. પોલીસ ફરિયાદ અનુસાર ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ચરાડા ગામમાં રહેતો મેહુલ ઉર્ફે કાળુ જગદીશભાઇ નાયક સાત વર્ષથી એક હત્યા કેસમાં જેલમાં બંધ છે. અઢી વર્ષ પહેલાં મેહુલને કોર્ટે આજીવન કેદની સજા સંભળાવી હતી. સજા બાદ મેહુલને છોટા ચક્કર બેરેકમાં રાખવામાં આવ્યો છે, જેમાં પહેલાંથી સજા પામેલા ૩૨ કેદીઓ રહે છે. સોમવારની રાતે મેહુલ તેની પથારીમાં સૂઇ રહ્યો હતો ત્યારે તેની જ બેરેકમાં રહેતા બડે અને તેના ભાઇ મકોડીએ એકાએક મેહુલ પર લાકડાના પાયા વડે હુમલો કરી દીધો હતો. બન્ને ભાઇઓ મળીને મેહુલ પર તૂટી પડ્યા હતા અને મૂઢમાર તેમજ લાકડા વડે ફટકા માર્યા હતા. આ ઘટનાથી બેરેકમાં બૂમાબૂમ થઇ ગઇ હતી અને જેલ સત્તાધીશો પણ દોડી આવ્યા હતા. અન્ય કેદીઓએ બે ભાઇઓને પકડી પાડ્યા હતા જ્યારે હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા મેહુલને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. એક વર્ષ પહેલાં છોટા ચક્કર બેરેકમાં ચાલવા બાબતે બડેએ મેહુલ સાથે બબાલ કરી હતી. ઉલ્લેખનીય છે કે ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લાની જેલમાં અંડરવર્લ્ડ ડોન પ્રેમ પ્રકાશ સિંહ ઉર્ફે મુન્ના બજરંગીની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવતાં દેશભરની તમામ જેલમાં સુરક્ષા પર સવાલ ઊભા થયા છે. રાણીપ પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે ત્યારે છોટા ચક્કર બેરેકમાં લાકડાનો પાયો કેવી રીતે પહોંચ્યો તે મામલે પણ તપાસ શરૂ કરાઇ છે. સાબરમતી સેન્ટ્રલ જેલના ઇન્ચાર્જ સુપરિન્ટેન્ડેન્ટ વી. એચ. ડીંડોરે જણાવ્યું છે કે બેરેકમાં સૂવા બાબતે મેહુલ પર બન્ને ભાઇઓએ હુમલો કર્યો છે. બેરેકમાં કોઇ એવી ચીજવસ્તુ હોતી નથી, જે હુમલા માટે વપરાય ત્યારે બેરેકમાં લાકડાનો પાયો કેવી રીતે પહોંચ્યો તે મામલે તપાસ કરવામાં આવશે. જો જેલનો કોઇ સિપાઇ આ મામલામાં સંડોવાયેલો હશે તો તેની વિરુદ્ધમાં પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સાબરમતી સેન્ટ્રલ જેલમાં ૧૦૦ કરતાં વધુ બેરેક છે, જેમાં ૨૬૦૦ કરતાં વધુ કાચાકામ તેમજ પાકાકામના કેદીઓ બંધ છે. દિવસમાં ૯ કલાક જ્યારે તમામ કેદીઓને બહાર કાઢવામાં આવે છે તે સમયે કેદીઓની પૂરતી સલામતી રાખવામાં આવે છે, પરંતુ બાકીના ૧૫ કલાકમાં કેદીઓ બેરેકમાં બંધ હોય છે. ૯ કલાક કેદીઓ બહાર હોય ત્યારે સુથારીકામ જેવી અનેક પ્રવૃત્તિઓ કરતા હોય છે. આ બન્ને ભાઇઓ તૂટેલી ખુરશીનો પાયો કેવી રીતે બેરેકમાં લાવ્યા તેની તપાસ થશે. જ્યારે કેદીઓ બેરેકમાં જતા હોય છે ત્યારે જેલ સિપાહી કેદીઓની તપાસ કરતા હોય છે.ઉલ્લેખનીય છે કે અમદાવાદની હાઇ સિક્યોરિટી ધરાવતી સાબરમતી સેન્ટ્રલ જેલ અનેક વખત વિવાદોમાં રહી છે. ખાસ કરીને જેલમાં ભૂતકાળમાં પણ અનેક વખત કેદીઓ પર હુમલા થઇ ચૂક્યા છે અને જેલમાં સુરક્ષાને લઇ સતત સવાલો ઉઠતા રહ્યા છે.

## નવભારત ટેલીવૂડ હંગામા

તા.૧૩-૭-૨૦૧૮
શુક્રવાર

| સમય | ઝી ટીવી | સ્ટાર પ્લસ | સોની ટીવી | ઝી સિનેમા | કલર્સ | સેટ મેક્સ | સ્ટાર ગોલ્ડ | સ્ટાર મુવી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦૬.૦૦ | ટેલિશોપિંગ | કુલ્ફી કુમાર બાજેવાલા | ટેલિશોપિંગ | ॥ | ઉડાન | ॥ | ॥ | ॥ |
| ૦૬.૩૦ | ॥ | ઈશ્કબાઝ | ॥ | ટેલિશોપીંગ | ટેલિસ્લોટ | ॥ | ॥ | ॥ |
| ૦૭.૦૦ | પિયા અલબેલા | મેરિયમ ખાન રિપોર્ટિંગ | ॥ | ॥ | સાવિત્રી દેવી | ॥ | ॥ | ॥ |
| ૦૭.૩૦ | જીત ગઈ તો પિયા મોરે | યે હૈ મોહબ્બતે | ॥ | ચેમ્પિયન દ વિનર | ટેલિસ્લોટ | ॥ | ॥ | દ વોલ્વિરીન |
| ૦૮.૦૦ | કુંડલી ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | સંકટ મોચન હનુમાન | ॥ | રુપ | ગોપાલા ગોપાલા | ॥ | ॥ |
| ૦૮.૩૦ | જીદંગી કી મહેક | યે હૈ મોહબ્બતે | કુછ રંગ પ્યાર કે | રિટર્ન ઓફ ચંદ્રમુખી | બેપનાહ | ॥ | ટારઝન દ વન્ડર કાર | ॥ |
| ૦૯.૦૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | ક્રિશ્ના લી લંડન | પેહરેદાર પિયા કી | ॥ | ડાન્સ દિવાને | ॥ | ॥ | ॥ |
| ૦૯.૩૦ | આપકે ઓ જાને સે | યે હૈ મહોબ્બત... | બેહદ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ |
| ૧૦.૦૦ | કુમકુમ ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | કપિલ શર્મા શો | ॥ | સિલસિલા બદલતે રિશ્તો કા | ॥ | ॥ | હોટલ ટ્રાન્સીલવેનિયા-૨ |
| ૧૦.૩૦ | કાલિરેઈન | યે રિશ્તા | ॥ | ॥ | શક્તિ | ॥ | ॥ | ॥ |
| ૧૧.૦૦ | કુંડલી ભાગ્ય | ઈશ્કબાઝ | ॥ | ॥ | ઉડાન | દ રિટર્ન ઓફ રિબેલ | ॥ | ॥ |
| ૧૧.૩૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | સબસે સ્માર્ટ કૌન | પેહરેદાર પિયા કી | વોન્ટેડ | તુ આશિકી | ॥ | ॥ | દ ક્રોનિકલ્સ ઓફ નાર્નિયા |
| ૧૨.૦૦ | પિયા અલબેલા | ॥ | ક્રાઈમ પેટ્રોલ | ॥ | સિલસિલા | ॥ | ધ્રુવા | ॥ |
| ૧૨.૩૦ | કુમ કુમ ભાગ્ય | યે રિશ્તા | ॥ | ॥ | કસમ | ॥ | ॥ | ॥ |
| ૦૧.૦૦ | કુંડલી ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | ॥ | ॥ | બેપનાહ | ॥ | ॥ | ॥ |
| ૦૧.૩૦ | આપકે આ જાને સે | મરિયમ ખાન રિપોર્ટિંગ | ॥ | ॥ | રુપ | ॥ | ॥ | ॥ |
| ૦૨.૦૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | યે હૈ મોહબ્બતે | ॥ | ॥ | ઈશ્ક મેં મરજાંવા | ॥ | ॥ | આઈસ એજ |
| ૦૨.૩૦ | કુમ કુમ ભાગ્ય | ક્રિશ્ના ચલી લંડન | ॥ | જુર્માના | સિલસિલા બદલે રિશ્તો કા | સૂર્યવંશમ | ॥ | ॥ |
| ૦૩.૦૦ | કુંડલી ભાગ્ય | કયામત કી રાત | ॥ | ॥ | નાગિન-૩ | ॥ | તકદીર | ॥ |
| ૦૩.૩૦ | કાલિરેઈન | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ |
| ૦૪.૦૦ | જીદંગી કી મહેક | યે રિશ્તા | ॥ | ॥ | કૌન હે | ॥ | ॥ | લાઈફ ઓફ પાઈ |
| ૦૪.૩૦ | જીત ગઈ તો પિયા મોરે | યે હૈ મોહબ્બતે | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ |
| ૦૫.૦૦ | આપકે આ જાને સે | ક્રિશ્ના ચલી લંડન | ॥ | એબીસીડી | શક્તિ | ॥ | ॥ | ॥ |
| ૦૫.૩૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | કુલ્ફીકુમાર બાજેવાલા | ॥ | ॥ | ઉડાન | અખિલ | ॥ | ॥ |
| ૦૬.૦૦ | કુંડલી ભાગ્ય | યે રિશ્તા ક્યા કહેલાતા હૈ | । | ॥ | કસમ | ॥ | થિરન | ॥ |
| ૦૬.૩૦ | જીત ગઈ તો પિયા મોરે | સબસે સ્માર્ટ કૌન | ॥ | ॥ | સાવત્રી દેવી | ॥ | ॥ | સ્પીડ |
| ૦૭.૦૦ | વો અપના સા | ॥ | યે મોહ મોહ કે ધાગે | ॥ | ॥ | ॥ | ॥ | ॥ |
| ૦૭.૩૦ | કાલિરેઈન | મરિયમ ખાન રિપોર્ટિંગ | પેશ્વા બાજીરાવ | ॥ | ઈશ્ક મેં મરજાંવા | ॥ | ॥ | ॥ |
| ૦૮.૦૦ | જિંદગી કી મહેક | હર શાખ પે ઉલ્લુ બેઠા હૈ | સંકટ મોચન મહાબલી | સ્પાઈડર | શક્તિ | ડેશિંગ ડિટેક્ટિવ | ॥ | ॥ |
| ૦૮.૩૦ | પિયા અલબેલા | કુલ્ફીકુમાર બાજેવાલા | પેહરેદાર પિયા કી | ॥ | ઉડાન | ॥ | ॥ | ॥ |
| ૦૯.૦૦ | કુમ કુમ ભાગ્ય | ક્રિશ્ના ચલી લંડન | બેહદ | ॥ | રુપ | ॥ | જગુઆર | લોગાન |
| ૦૯.૩૦ | કુંડલી ભાગ્ય | યે રિશ્તા | કુછ રંગ પ્યાર કે | ॥ | બેપનાહ | ॥ | ॥ | ॥ |
| ૧૦.૦૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | ઈશ્કબાજ | ક્રાઈમ પેટ્રોલ ૧૦૦ | ॥ | સિલસિલા | ॥ | ॥ | ॥ |
| ૧૦.૩૦ | આપકે આ જાને સે | યે હૈ મોહબ્બતે | ॥ | ॥ | દેવ-૨ | ॥ | ॥ | ॥ |
| ૧૧.૦૦ | કુમ કુમ ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | ॥ | રોફ | કૌન હે | ॥ | ॥ | ॥ |
| ૧૧.૩૦ | કાલિરેઈન | કયામત કી રાત | ॥ | ॥ | ॥ | કુંગ ફુ હસ્ટલે | સિંગિલી બિંગીલી | ॥ |

પૂર્વીય અને ઉત્તરપૂર્વીય ભાગોમાં ઓછો વરસાદ

# મોનસુન નબળું પડતા ખરીફ પાક ઉપર માઠી અસર રહેશે

## જુલાઈના છેલ્લા ૧૦ દિવસમાં આંકડો ૧૬ ટકા ઓછા વરસાદનો રહેતા ખેડૂત સમુદાયમાં ચિંતાનું મોજુ ફેલાયું

**(એજન્સી) નવી દિલ્હી,**
મુંબઈમાં ભારે વરસાદ જારી છે ત્યારે કેટલાક ભાગોમાં હજુ પણ ઓછો વરસાદ થઇ રહ્યો છે. પૂર્વીય અને ઉત્તર પૂર્વીય ભારતમાં નબળા મોનસુનના કારણે નવ ટકા ઓછો વરસાદ થયો છે. મુંબઈ અને કેટલાક વિસ્તારોને છોડી દેવામાં આવે તો દેશના બીજા વિસ્તારોમાં મોનસુનની ગતિ હજુ અપેક્ષા કરતી ધીમી રહી છે. હજુ સુધી દેશભરમાં નવ ટકા ઓછો વરસાદ થયો છે જયારે જુલાઈના છેલ્લા ૧૦ દિવસના ગાળામાં આ આંકડો ૧૬ ટકા ઓછા વરસાદનો રહ્યો છે. મોનસુન નબળું રહેવાના કારણે ખરીફ પાકને નુકસાન થઇ શકે છે. ઉત્તર પ્રદેશ અને ગુજરાતમાં હજુ પણ સામાન્યથી અડધો વરસાદ થયો છે. પૂર્વીય અને ઉત્તર પૂર્વીય ભારતમાં પણ મોનસુનનો વરસાદ સામાન્ય કરતા ઓછો રહ્યો છે. અલબત્ત મધ્ય ભારત અને દક્ષિણ ભારતમાં સારો વરસાદ થઇ રહ્યો છે. મોનસુન કમજોર પડવાના કારણે ખરીફ પાક ઉપર અસર થઇ છે. મોટાભાગના ખરીફ પાકની વાવણી પ્રક્રિયા જુલાઈમાં હાથ ધરવામાં આવે છે. હજુ સુધી દેશભરમાં ૩૬ મીટ્રરલોજિકલ સબ ડિવિઝનમાં અપેક્ષા કરતા ઓછો વરસાદ થયો છે. બંગાળના અખાતની આસપાસ ઓછા વરસાદના કારણે હાલત કફોડી બની છે. આઈએમડીના મુખ્ય મોનસુન નિષ્ણાત શિવાનંદ પાઈએ કહ્યું છે કે, સિસ્ટમ હજુ સંપૂર્ણપણે તરફેણવાળી દેખાઈ રહી નથી. બંગાળના અખાતની આસપાસ કોઇ હલચલ રહેશે તો જ સારો વરસાદ રહેશે. જુનથી હજુ સુધી એક લો પ્રેશરની સ્થિતિ બંગાળના અખાત ઉપર સર્જાઈ ચુકી છે. આઈએમડીનો અંદાજ છે કે, જુલાઈમાં ખુબ સારો વરસાદ થશે અને સામાન્ય કરતા એક ટકા વધુ વરસાદ નોંધાઈ શકે છે. હળવા વરસાદી ઝાપટાની શરૂઆત આજે થઇ હતી. ખરીફ પાકને નુકસાન થવાની શક્યતા છે.





ભગવાન જગન્નાથની રથયાત્રા આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે માલપુવા બનાવવાની કામગીરીમાં પણ કારીગરો લાગી ગયા છે.

### બારડોલી, મહુવા, ચોર્યાસી, નવસારી, જલાલપોરમાં હાલત કફોડી

# દક્ષિણ ગુજરાતમાં મેઘતાંડવની સ્થિતિ : ૮ ઇંચથી વધારે વરસાદ

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

દક્ષિણ ગુજરાતમાં મેઘતાંડવની સ્થિતિ સર્જાઈ ગઈ છે. અવિરત વરસાદ જારી રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. સુરત જિલ્લામાં સૌથી વધુ હાલત કફોડી થઇ છે. મહુવામાં આઠ કલાકની અંદર જ આઠ ઇંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે જ્યારે બારડોલીમાં ૧૪ કલાકના ગાળામાં નવ ઇંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. ચોર્યાસીમાં ચાર ઇંચથી વધુ વરસાદ પડ્યો છે. પલસાણામાં ત્રણ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. આવી જ રીતે ધરમપુરમાં છ ઇંચથી વધુ વરસાદ થયો છે. કપરાડામાં ચાર ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. નવસારીમાં ૧૪ કલાકમાં આઠ ઇંચથી વધુ વરસાદ થયો છે. જલાલપુરમાં સાત ઇંચથી વધુ વરસાદ થયો છે. ગણદેવીમાં ચાર, ચિખલીમાં છ ઇંચથી વધુ વરસાદ પડી ગયો છે. તમામ જગ્યાઓએ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. નવસારી અને જલાલપોરમાં ભારે વરસાદના કારણે સ્કુલ કોલેજોમાં રજા જાહેર કરાઈ છે. બારડોલીમાં બે યુવક તણાઈ ગયા બાદ એકનું મોત થયું છે. નવસારી જિલ્લામાં હાલત કફોડી બનેલી છે.

## મોટાભાગના વિસ્તારોમાં છથી આઠ ઇંચ વરસાદ નોંધાતા જળબંબાકારની સ્થિતિ : બારડોલીમાં તણાઈ જવાથી એકનું મોત : જનજીવન સંપૂર્ણ ખોરવાયું

દક્ષિણ ગુજરાતમાં સુરત, વલસાડ સહિતના પંથકોમાં મેઘરાજાએ આજે પણ સતત ૪થા દિવસે ભારે જોર બતાવ્યું હતું. આજે સુરત જિલ્લાના મહુવા, નવસારી અને જલાલપોર પર જાણે અવકાશી આફત વરસી હોય તેમ ગણતરીના કલાકોમાં દસ ઇંચ વરસાદ ખાબકતાં આ પંથકોમાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. નવસારી-જલાલપોર તો જાણે આજે બેટમાં ફેરવાયા હતા. લોકોના ઘરો-દુકાનો અને બજારોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. ક્યાંક ઘૂંટણસમા તો, ક્યાંક કેડસમા પાણી ભરાતાં સ્થાનિક પ્રજાજનો ભારે હાલાકીનો ભોગ બન્યા હતા. વરસાદી કહેરના કારણે નવસારી-જલાલપોરમાંથી ૬૦૦થી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયુ હતું. અહીં જનજીવન ઠપ્પ થઇ ગયુ હતું. ગઇકાલે મેઘરાજાએ સૌરાષ્ટ્રનાં ગીર સોમનાથ જિલ્લાને ઘમરોળ્યો હતો અને રાત્રે ૧૨ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધીમાં કોડીનાર-સુત્રાપાડામાં મેઘ તાંડવ સર્જાયું હતું. મેઘરાજા સાંબેલાધારે વરસતા સુત્રાપાડામાં માત્ર ૬ કલાકમાં ૯ ઇંચ વરસાદ અને કોડીનારમાં ૮ ઇંચ વરસાદ નોંધાયો હતો. જેને પગલે સૂત્રાપાડા-કોડીનાર પંથકો જાણે બેટમાં ફેરવાયા હતા. સોમાત નદીમાં ઘોડાપૂર આવવાની સાથે સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. બીજીબાજુ, દક્ષિણ ગુજરાતના વલસાડ-ઉમરગામ સહિતના પંથકો અને અમેરલીના રાજુલા, ખાંભા, જાફરાબાદ સહિતના પંથકોમાં સતત ત્રીજા દિવસે મેઘ મહેર જારી રહી હતી. અમરેલીના આ પંથકોમાં ગણતરીના કલાકોમાં પાંચ ઇંચથી વધુ વરસાદ નોંધાતા સ્થાનિક દલી, ધાતર, કાસરિયા, માલણ સહિતની નદીઓમાં ઘોડાપૂર આવ્યા હતા. તો, સાથે સાથે પંથકોના મોટાભાગના વિસ્તારોમાં ઠેર-ઠેર પાણી ભરાઇ ગયા હતા. સૂત્રાપાડામાં ભારે વરસાદના કારણે સરસ્વતી નદીમાં પૂર આવતાં પ્રાચી તીર્થ એવું માધવરાયજી મંદિર પાણીમાં ગરકાવ બન્યું હતું. દરમ્યાન આજે મેઘરાજાએ દક્ષિણ ગુજરાતમાં મહુવા, નવસારી અને જલાલપોર પર જાણે અવકાશી આફત વરસાવી હતી. નવસારી-જલાલપોરમાં દસ-દસ ઇંચ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. પંથકોના તમામ નદી-નાળાઓ છલકાયા હતા. તો, ઠેર-ઠેર ઘૂંટણસમા અને કેડસમા પાણી ભરાઇ ગયા હતા. લોકોના ઘરોમાં, દુકાનોમાં અને બજારોમાં-કોમ્પલેક્ષમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા, જેને લઇ લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. નવસારી-જલાલપોરના કેટલાય રસ્તાઓ બંધ થતાં અનેક વિસ્તારો સંપર્કવિહોણાં બન્યા હતા. તો ચીખલી તાલુકાના ૧૦ ગામોને જોડતાં રસ્તાઓ વરસાદી પાણી ફરી વળવાના કારણે ઠપ્પ થયા હતા. નવસારીમાં વિજલપોર, ધરમપુર, કાલિયાવાડી સહિતના પંથકોમાં સૌથી વધુ અસર જોવા મળી હતી. ૮૦થી વધુ સોસાયટીઓ પાણીમાં ગરકાવ બની હતી. પૂર્ણા નદીમાં ઘોડાપૂર આવતાં તંત્રને એલર્ટ કરી દેવાયું અને નદીકાંઠાના વિસ્તારના લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા. દરમ્યાન હાલોલ, વાલોડ અને વલસાડ પંથકમાં પણ પાંચ ઇંચથી વધુ વરસાદ નોંધાતા મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા હતા.

આજે રાજયના ૪૬ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ પડયો હતો. જેમાં વડોદરા, વેરાવળ, વ્યારા, બારડોલી, ચીખલી, ખેરગામ, કપરાડા, પારડી સહિતના આઠ તાલુકાઓમાં ત્રણ ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો. તો, માળીયા, માંગરોળ, કોડીનાર, સૂત્રાપાડા, ધરમપુર, ડાંગ અને વઘઇ તાલુકામાં બે ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો. વલસાડના મધુબન ડેમમાં ઉપરવાસના ભારે વરસાદને કારણે ડેમના ચાર દરવાજા એક મીટર સુધી ખોલવામાં આવ્યા હતા. તો બીજીબાજુ, સરદાર સરોવર ડેમમાં પણ જળસપાટી સતત વધી રહી છે. દર કલાકે ડેમની સપાટી એક સે.મી વધી રહી છે. ડેમમાં ૬૧૮૫ કયુસેક પાણીની સતત આવક થઇ રહી છે.

### જેલમાંથી મોબાઇલ મળવાનો સિલસિલો જારી

# નવી મધ્યસ્થ જેલમાંથી ફોન, સીમકાર્ડ તેમજ ચાર્જર મળ્યા

## રાણીપ પોલીસે ત્રણ કેદીઓ વિરૂધ્ધ પ્રતિબંધિત ચીજવસ્તુ રાખવા બદલ ગુનો નોંધીને વિસ્તારપૂર્વક તપાસ શરૂ કરી

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

સાબરમતી સેન્ટ્રલ જેલમાં ૪જી જામર લગાવી દીધાં છે અને થોડાક સમય પહેલા ફૂલ બોડી સ્કેનર મશીન મૂકી દીધું હોવા છતાંય છાશવારે ને છાશવારે મોબાઇલ ફોન અને સિમકાર્ડ મળી આવે છે. ગઈકાલે નવી મધ્યસ્થ જેલમાંથી ત્રણ કાચા કામના કેદીઓ પાસેથી એક મોબાઈલ ફોન, સિમકાર્ડ અને ચાર્જર મળી આવતાં ભારે ચકચાર મચી ગઇ હતી. રાણીપ પોલીસે આ સમગ્ર બનાવ અંગે જરૂરી ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે. સાબરમતી સેન્ટ્રલ જેલમાં જેલર તરીકે ફરજ બજાવતા અસલમભાઇ કુરેશીએ રાણીપ પોલીસ સ્ટેશનમાં ત્રણ કાચા કામના કેદી વિરુદ્ધમાં પ્રતિબંધીત ચીજ વસ્તુ રાખવા બદલ ફરિયાદ દાખલ કરી છે. ફરિયાદમાં કરેલા આક્ષેપ પ્રમાણે ગઇકાલે નવી મધ્યસ્થ જેલ સર્કલ યાર્ડની બેરેકમાં ફરજ બજાવતા જેલ સહાયક કિશનસિંહ મકવાણાએ કાચા કામના કેદી એવા વિજય સુદર્શનભાઇ તેલુગુની અંગ જડતી લીધી હતી. વિજય પાસેથી જેલ સહાયકને એક સિમકાર્ડ મળી આવ્યું હતું. જેલ સત્તાધીશોએ આ મામલે વિજયની પૂછપરછ કરતાં સિમકાર્ડ કાચા કામના કેદી કલ્પેશ પટણી અને તેજેન્દ્રસિંહ પરિહારે આપ્યું હોવાનો ખુલાસો થયો હતો. જેથી જેલર સહિતના કર્મચારીઓ બેરેકની તપાસ કરતાં તેમાંથી બે ચાર્જર અને એક મોબાઈલ ફોન પણ મળી આવ્યો હતો.

આ મામલે જેલરે રાણીપ પોલીસ સ્ટેશનમાં વિજય, કલ્પેશ અને તેજેન્દ્રસિંહ વિરુદ્ધમાં ફરિયાદ કરી છે. રાણીપ પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને જપ્ત થયેલો મોબાઈલ ફોન તેમજ સિમકાર્ડને એફએસએલ કચેરીએ મોકલી આપવામાં આવ્યા છે. સાબરમતી જેલમાં ચુસ્ત સુરક્ષા અને લોખંડી બંદોબસ્ત હોવાના દાવા જેલ સત્તાધીશો દ્વારા અવારનવાર કરવામાં આવતા હોય છે ત્યારે છાશવારે મોબાઈલ-ચાર્જર મળવાનો સિલસિલો જારી રહેલાં જેલતંત્રની સુરક્ષા વ્યવસ્થા ખુદ સવાલોના ઘેરામાં આવી ગઇ છે. રાણીપ પોલીસે ઉપરોકત બનાવ અંગે જરૂરી તપાસ હાથ ધરી છે.

### બાંધકામ ઉદ્યોગના આયોજન અંગે માહિતી અપાશે

# ડિજીટાઇઝીંગ કન્સ્ટ્રક્શનના વિષય પર મહત્વનો વર્કશોપ

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

અમદાવાદમાં કચેરી ધરાવતી ફિનલેન્ડ સ્થિત વિઝિલિન દ્વારા તા. ૧૪ જુલાઈ, ૨૦૧૮નાં રોજ સેપ્ટ યુનિવર્સિટીમાં 'ડિજીટાઈઝીંગ ધ કન્સ્ટ્રકશન ઈન્ડસ્ટ્રી વીથ લિન એન્ડ બિમ' વિષય પર એક દિવસનાં વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. વિઝિલિન એ વિશ્વની એકમાત્ર કલાઉડ આધારિત કન્સ્ટ્રકશન મેનેજમેન્ટ સોલ્યુશન પુરું પાડે છે, કે જે 'લીન' ને 'બિમ' સાથે સંકલિત કરી બાંધકામ ઉદ્યોગનું ઝીણવટપૂર્વકની ચોકસાઈ સાથેનું આયોજન અને અમલીકરણ કરવામાં મદદ કરીને સરળ કાર્ય બનાવે છે. સેપ્ટ યુનિવર્સિટીમાં યોજાનારા વર્કશોપમાં બાંધકામ ઉદ્યોગના આયોજન અને અમલીકરણ અંગે મહત્વની જાણકારી અને માર્ગદર્શન નિષ્ણાતો દ્વારા પૂરા પાડવામાં આવશે. ખૂબ જ ઉપયોગી વર્કશોપ અંગે વિઝિલિનનાં સીઈઓ ડો. ભાર્ગવ દવેએ જણાવ્યું હતું કે, ભારતમાં

## સેપ્ટમાં ૧૪મીએ વર્કશોપ થશે : બાંધકામ ઉદ્યોગ ઝડપથી આગેકૂચ કરે છે, સુધારનો હજુય અવકાશ : ભાર્ગવ દવે

બાંધકામ ઉદ્યોગ ઝડપથી વૃધ્ધિ પામી રહ્યો છે અને તેમાં સુધારણાનો ઘણો મોટો અવકાશ છે. ભારતમાં મોટી બાંધકામ ઉદ્યોગની કંપનીઓ ગ્રાહકો અને સત્તાવાળાઓની માંગ પ્રમાણે લિન પ્રેકટીસીસ દ્વારા બિમનું અમલીકરણ કરતી થઈ છે. આ વર્કશોપમાં વિશ્વનાં ત્રણ જાણીતા સ્પીકર્સને સાંભળવાની તક મળશે. જેમાં યુએસએ અને યુરોપનાં કેસ સ્ટડીઝ સાથે મુખ્ય કન્સેપ્ટસથી ટોચના રીસર્ચ આઈડીયાઝ અને સફળતાપૂર્વકની અમલીકરણ પધ્ધતિઓને આવરી લેવામાં આવી હશે. તેમણે જણાવ્યું કે, 'લીન કન્સ્ટ્રકશન અને બિમ (બિલ્ડીંગ ઈન્ફોર્મેશન મોડેલીંગ)નાં ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીયક્ષેત્રે ખ્યાતિ પ્રાપ્ત તજજ્ઞોને વિઝિલિન આ વર્કશોપમાં લાવશે. છેલ્લા દસકામાં ભારતમાં જ્યારે બાંધકામ ઉદ્યોગ પૂરજોશમાં વૃધ્ધિ પામ્યો છે અને અપાર તકો ઉદભવી રહી છે, ત્યારે લીન અને બિમ ડિજીટલાઈઝેશન અંગે યોગ્ય પ્લેટફોર્મ પુરું પાડશે. 'લીન' ફિલસૂફી મુખ્યત્વે જાપાનથી આવી છે, કે જ્યાં અતિ ઝીણવટપૂવર્ક ચોકસાઈથી કરકસરયુક્ત કાર ઉત્પાદન લીન પ્રક્રિયાનો ઉપયોગ થાય છે. લીન ફિલસૂફી બાંધકામ ઉદ્યોગ માટે પણ આવી જ રીતે લાગુ પડે છે, કે જેમાં લઘુત્તમ સંસાધનો અને ઓછામાં ઓછા બગાડ સાથે મહત્તમ મુલ્યવર્ધિતતા લાવવાની હોય છે. 'બિમ'ની વ્યાખ્યા ટેકનોલોજીઓ, પ્રક્રિયાઓ અને સાધનોને ડિજીટલ ડોક્યુમેન્ટેશ૧ન દ્વારા બિલ્ડીંગના કન્સેપ્ટથી લઈને હેન્ડઓવર તબક્કા સુધી સરળ કરવી એવી થાય છે. સેપ્ટ યુનિવર્સિટીનાં જીઆઈડીસી ભવનમાં સવારે ૧૦:૩૦ કલાકે આ વર્કશોપનો આરંભ થશે. આ વર્કશોપનાં મુખ્ય વકતાઓમાં વિઝિલિનનાં સીઈઓ ડો. ભાર્ગવ દવે, યુનિવર્સિટી ઓફ હડર્સફિલ્ડનાં પ્રો. લોરી કોલકેલા, ઈઝરાયલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીની ટેકનીયોનનાં પ્રો. રાફેલ સાકસ અને રોયલ હાસ્કોનિંગ ડીએચવીનાં ડાયરેક્ટર શ્રી જુગલ મકવાણાનો સમાવેશ થાય છે. નિષ્ણાત તજજ્ઞોના બાંધકામ ઉદ્યોગ ક્ષેત્રના મહત્વના સૂચનો અને જાણકારી - માર્ગદર્શન ભાવિ અમલીકરણ અંગે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

# અમદાવાદ શહેરમાં વરસાદી માહોલ અકબંધ રહેતા રાહત

## શહેરના મોટા ભાગના વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

અમદાવાદ શહેરમાં હળવા વરસાદી ઝાપટાનો દોર જારી રહ્યો છે. સતત બીજા દિવસે મોડી રાત્રે વરસાદ થયો હતો. શહેરના મોટા ભાગના વિસ્તારોમાં ઝાપટા પડ્યા છે. જેથી રસ્તાઓ ભીના થયા હતા. રસ્તા ભીના થવાના કારણે કેટલીક જગ્યાએ બાઇક સ્લીપ થઇ જવાના બનાવો બન્યા હતા. અમદાવાદ શહેરના શાહીબાગ, સાબરમતી, મણિનગર, મેઘાણીનગર, નવરંગપુરા, વિજય ચાર રસ્તા, વાડજ, નવા વાડજ સહિતના તમામ વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. હજુ ગાજવીજ સાથે વરસાદી ઝાપટાનો દોર જારી રહી શકે છે. અમદાવાદમાં દિવસ દરમિયાન હળવા વરસાદી ઝાપટા જારી રહ્યા હતા. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૬ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદ પણ વરસાદી માહોલ અકબંધ રહી શકે છે. અમદાવાદ માટેની આગાહીમાં આ મુજબની વાત કરવામાં આવી છે. એમ પણ જણાવવામાં આવ્યું છે કે, બાફની સ્થિતિ રહ્યા બાદ વરસાદથી તાપમાનમાં ઘટાડો થઇ શકે છે. છેલ્લા કેટલાક દિવસથી વરસાદમાં બ્રેકની સ્થિતી હતી.અમદાવાદ શહેરમાં વરસાદની આગાહી કરવામાં આવી હોવા છતાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદ પડી રહ્યો ન હતો. જો કે હવે વરસાદની શરૂઆત થઇ છે. બાફની સ્થિતિ વચ્ચે ગરમીથી લોકો ફરીવાર પરેશાન થયેલા છે. અમદાવાદ શહેરમાં ગાજવીજ સાથે ઝાપટા પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા અકબંધ રાખવામાં આવી હોવા છતાં હાલમાં વરસાદ થઇ રહ્યો નથી. લોકો પણ ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા છે. વરસાદી માહોલની મજા માણવા માટે લોકો ઉત્સુક છે. એકબાજુ મુંબઇમાં ભારે વરસાદ થઇ રહ્યો છે ત્યારે અમદાવાદમાં ધીમી ગતિથી વરસાદ પડી રહ્યો નથી. અપેક્ષા મુજબ વરસાદ હજુ પણ થયો નથી. ભારે બાફની સ્થિતિ છે.

# કાશ્મીર : ૧૪ ધારાસભ્યો પીડીપી છોડે તેવા એંધાણ

**(એજન્સી) શ્રીનગર,**

જમ્મુ કાશ્મીર મહેબુબા મુફ્તીની પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના ભવિષ્ય ઉપર ખતરો તોળાઈ રહ્યો છે. પાર્ટીના નેતા અને ધારાસભ્ય બળવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. પાર્ટીને નેતૃત્વ ઉપર પરિવારને પ્રોત્સાહન આપવાના આક્ષેપ થઈ રહ્યા છે. ભાજપે સરકારથી ટેકો પાછો ખેંચી લીધા બાદ રાજ્યમાં પીડીપીની મુશ્કેલી સતત વધી રહી છે. જાદીબલથી પીડીપીના નારાજ નેતા આબીદ અન્સારીએ કહ્યું છે કે, ૧૪ ધારાસભ્યો પાર્ટી છોડવા માટે તૈયાર છે. સિયા નેતા ઈમરાન અન્સારી રઝા અને અન્સારીએ ગયા સપ્તાહમાં પીડીપી છોડવાની તૈયારી કરી હતી. આવી સ્થિતિમાં પીડીપીની હાલત કફોડી બનેલી છે. રાજકીય પંડિતો માની રહ્યા છે. પીડીપીમાં ભંગાણ પડશે. રાજ્યમાં હાલમાં ગવર્નર શાસન છે.

### એસજી હાઇવે પર રાજપથ કલબ નજીકનો બનાવ

# પાર્ક કરેલી કારનો કાચ તોડી મિનિટોમાં જ લાખોની ચોરી

## વસ્ત્રાપુર પોલીસે બનાવ સંદર્ભે જરૂરી ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી : કાચ તોડી ચોરી કરતી ગેંગ ફરી સક્રિય

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

શહેરના એસજી હાઇવે પર આવેલ રાજપથ ક્લબની સામે પાર્ક કરેલી કારનો કાચ તોડીને ગઠિયાઓ ૩.૬૨ રૂપિયા ભરેલો થેલો લઇને ફરાર થઇ સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઇ હતી. કાર સર્વિસનું ગેરેજ ધરાવતા સચીનભાઇ એક્સિસ બેન્કમાં આરટીજીએસ કરવા માટે ગયા ત્યારે ગઠિયાઓએ માત્ર પાંચ જ મિનિટમાં કારનો કાચ તોડીને ચોરીના ગુનાને અંજામ આપ્યો હતો. આ બનાવ સંદર્ભે સેટેલાઇટ રોડ પર આવેલ આશાવરી ટાવરમાં રહેતા અને કાર સર્વિસનું ગેરેજ ધરાવતા સચીનભાઇ શાહે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ કરી છે. ફરિયાદની હકીકત મુજબ, ગઇકાલે રાજપથ ક્લબની સામેના રોડ પર સચીનભાઇ તેમની કાર પાર્ક કરીને એક્સિસ બેન્કમાં આરટીજીએસ કરવા માટે ગયા હતા. પાંચ મિનિટમાં સચીનભાઇ તેમનું કામ પતાવીને નીકળી ગયા હતા. સચીનભાઇ કાર લઇને થોડેક દૂર પહોંચ્યા ત્યારે તેમની કારમાં અવાજ આવતો હોવાથી તે સાઇડમાં ઊભા રહ્યા હતા. સચીનભાઇએ કારની પાછળ જોયું તો કાચ તૂટેલો હતો અને કારમાં પડેલા ૩.૬૨ લાખ રૂપિયા ગાયબ હતા. જેને લઇ તેઓ ચિંતામાં સરી પડયા હતા. જો કે, તાત્કાલિક તેમણે સમગ્ર ઘટના અંગે વસ્ત્રાપુર પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવી પોલીસને સમગ્ર ગુનાનું વર્ણન કર્યું હતું. પોલીસે આ બનાવ અંગે જરૂરી ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. વસ્ત્રાપુર વિસ્તારમાં કારના કાચ તોડીને ચોરી કરતી ગેંગ સક્રિય થઇ છે. સોમવારના દિવસે પણ વસ્ત્રાપુરના સિંધુ ભવન રોડ પર આવેલી આઇસીઆઇસીઆઇ બેન્કની સામે પાર્ક કરેલી કારનો કાચ તોડીને ૫૫ હજાર રૂપિયા ભરેલી બેગ ગઇ ગઠિયા ફરાર થઇ ગયા હતા, જેમાં પણ પોલીસે તપાસ શરૂ કરી છે. આ બન્ને કિસ્સામાં એક ગેંગ સંડોવાયેલી હોય તેવું પણ પોલીસ માની રહી છે, તેથી તે દિશામાં પણ પોલીસે તપાસ આરંભી છે.

# ભાજપ અપના દળને વધુ સીટો આપે તેવી સંભાવના

**(એજન્સી) નવી દિલ્હી,**

કેન્દ્રિય પ્રધાન અનુપ્રિયા પટેલના નેતૃત્વમાં અપના દળ લોકસભા ચૂંટણીમાં ઉત્તરપ્રદેશમાં ભાજપની સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરે તેવી શક્યતા છે. ભાજપ પટેલોની પાર્ટીનો ઉપયોગ ઓબીસી વર્ગને વધારે પ્રભાવિત કરવાના ઈરાદા સાથે કરી શકે છે. તે અપના દળને વર્ષ ૨૦૧૯માં લોકસભા ચૂંટણી દરમિયાન બેથી વધારે સીટની ઓફર કરી શકે છે. યુપીમાં ભાજપ અને તેમના સાથી પક્ષો વચ્ચે સીટના વિભાજનને લઈને હાલમાં વાતચીત ચાલી રહી છે. રાજ્ય સરકારમાં પ્રધાન અને સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટીના પ્રમુખ ઓમ પ્રકાશ રાજભર ભાજપ પાસેથી જ ઓછામાં ઓછી અડધા ડઝન સીટની માંગ કરે છે. ભાજપના વરિષ્ઠ નેતાઓનુ કહેવુ છે કે હજુ ટુંક સમયમાં જ બેઠકોની વહેચણીને લઈને નિર્ણય કરી લેવામા આવશે. પાર્ટીના વરિષ્ઠ નેતા કહે છે કે અપના દળની સાથે ભાજપના સંબંધ મજબુત થઈ રહ્યા છે. ભાજપના અધ્યક્ષ ગયા સપ્તાહમાં મિરજાપુરમાં ગયા હતા. જે અનુપ્રિયાના મતવિસ્તાર તરીકે છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫મી જુલાઇના દિવસે મિરજાપુરમાં એક રેલ કરનાર છે. જેમાં તેઓ કરોડોના પ્રોજેક્ટની જાહેરાત કરી શકે છે. અનુપ્રિયાના પિતા સોનેલાલ જન્મદિવસના પ્રસંગે બીજી જુલાઈના દિવસે લખનૌમાં એક કાર્યક્રનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પોતે હાજર રહ્યા હતા. આ વર્ષની શરૂઆતમાં ભાજપે તેમના પતિ આશીષ સિંહ પટેલને એમએલસી બનાવ્યા હતા. અપના દળે વર્ષ ૨૦૧૪માં મિર્જાપુર અને પ્રતાપગઢ બંને સીટ પર જીત મેળવી હતી. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં આને જૌનપુર, સોનભદ્ર અને વારાણસી જેવી ૧૧ સીટો મળી હતી. જેમાં નવમાં જીત મેળવી લેવામાં સફળતા મેળવી હતી. ભાજપની સીટો વધે તેવા સંકેત પણ મળી રહ્યા છે.

### લોકલ ટ્રેન સેવા ખોરવાઇ, લોકો સવારે અટવાયા

# મુંબઇમાં ભારે વરસાદ વચ્ચે બધા લોકો હજુ પણ પરેશાન

## નીચાણવાળા વિસ્તારો હજુ પાણીમાં ગરકાવ : વરસાદ જારી રહેતા બચાવ કામગીરીમાં અડચણો આવી રહી છે

**(એજન્સી) મુંબઇ,**

મુંબઈમાં ભારે વરસાદનો દોર જારી રહ્યો છે. જેના કારણે લોકો હજુ પરેશાન થયેલા છે. લોકોને હાલમાં રાહત મળે તેવી શક્યતા ઓછી છે. કારણ કે હવામાન વિભાગે ભારે વરસાદ જારી રહેવાની ચેતવણી જારી કરી દીધી છે. બીજી બાજુ રેકોર્ડ વરસાદ તરફ મુંબઇ વધી રહ્યુ છે. જુલાઇ મહિનામાં સૌથી વધારે વરસાદનો આંકડો થઇ શકે છે. આજે સવારે પણ લોકો જુદી જુદી જગ્યાએ વરસાદના કારણે અટવાયા હતા. છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલા વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારો હજુ જળબંબાકાર થયેલા છે. હવે રોગચાળાનો ખતરો પણ છે.ભારે વરસાદના કારણે તમામ ટ્રેનો ધીમીગતિએ દોડી રહી છે. પશ્ચિમ રેલવેએ કહ્યું છે કે, નાલાસોપારામાં ટ્રેક ઉપર ૧૮૦ મિલીમીટર સુધી પાણી હોવાના કારણે આ ટ્રેક ઉપર ટ્રેનોને રોકી દેવામાં આવી છે. ઉપનગરીય લાઇન ઉપર પણ ટ્રેનો રોકવામાં આવી છે. બાકી લાઈનો ઉપર ટ્રેન ધીમીગતિએ ચાલી રહી છે. સેન્ટ્રલ રેલવેને હજુ સુધી કોઇ અસર થઇ નથી પરંતુ થાણે અને કલવા વચ્ચે ટ્રેનના ટ્રેક ઉપર ભારે પાણી ભરાઈ ગયા છે જેથી ટ્રેન સેવા રોકી દેવામાં આવી છે. પશ્ચિમ રેલવેએ દાદર, માટુંગા, ગોરેગાંવ અને બીજા સ્ટેસનો પર ટ્રેક પરથી પાણીને દૂર કરવા હેવી ડ્યુટી પંપ લગાવવામાં આવ્યા છે. બીએમસી દ્વારા મોનસુન સિઝન પહેલા દાવો કરવામાં આવ્યો હતો કે, વરસાદમાં આ વખતે કોઇપણ જગ્યાએ પાણી ભરાશે નહીં પરંતુ ટુંકાગાળાની અંદર જ બીએમસીની પોલ ખુલી ગઈ છે. રસ્તા પર પડી ગયેલા ગાબડા અને સાથે સાથે મોટા ભુવા જીવલેણ સાબિત થઇ રહ્યા છે. આગામી પાંચ દિવસ દરમિયાન અતિભારે વરસાદની ચેતવણી તંત્ર દ્વારા જારી કરવામાં આવી છે. આજે ભારે વરસાદના કારણે અનેક જગ્યાઓએ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. મુંબઈ ઉપરાંત મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ ભારે વરસાદ થઇ રહ્યો છે. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને અન્ય જગ્યા પર લોકો અટવાયા હતા. જો કે, બચાવ અને રાહત કામગીરી ઘણા વિસ્તારમાં હાથ ધરવામાં આવી છે. એનડીઆરએફની ટીમ પણ તૈનાત કરવામાં આવી છે. મુંબઈમાં તમામ નિચાણવાલા વિસ્તારો જળબંબાકાર રહ્યા હતા. ઉપનગરીય ટ્રેન સેવાને પણ અસર થઇ હતી.